For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## કરજણમાં સિક્યુરિટી ગાર્ડ સાથે બબાલ, બંદૂક તાકી ધાર્યાથી હુમલો કર્યો હોવાની ચર્ચા

# ભાજપ નેતાના ભાઈ સહિતની ગેંગ દ્વારા મારામારી, વીડિયો વાયરલ છતાં FIR કેમ નહીં?

**ઇજાગ્રસ્તને** સારવાર માટે એસએસજીમાં પણ ખસેડાયા તેમ છતાં કોના ઇશારે મામલો કેમ દબાવી દેવાયો ?

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા જિલ્લાના કરજણ ખાતે આવેલી રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગુંડાગીરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ભાજપ નેતા ભરત ડાંગરના ભાઈ કલ્પેશ ડાંગર સામે કંપનીના સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કર્યાનો ગંભીર આક્ષેપ થયો છે. જેના કારણે વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. મારામારી ના વિડીયો વાયરલ પણ થયા છતાં કોના ઈશારે સમગ્ર મામલાને દબાવી દેવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

માહિતી મુજબ, કલ્પેશ ડાંગર પોતાના સાથીદારો સાથે કંપનીમાં સામાન લેવા પહોંચ્યા હતા. જોકે સિક્યુરિટી ગાર્ડ દ્વારા સામાન આપવાનો ઈનકાર કરાતા બોલાચાલી શરૂ થઈ હતી, જે થોડા જ સમયમાં ઉગ્ર બની મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. આક્ષેપ મુજબ, કલ્પેશ ડાંગર અને તેની સાથે રહેલા કલ્પેશ ડાંગર સહિતના લોકોએ સિક્યુરિટી ગાર્ડ પર હુમલો કર્યો હતો. શરૂઆતમાં ફાયરિંગ થયાની ચર્ચા સામે આવી હતી, પરંતુ બાદમાં સ્પષ્ટ થયું કે રિવોલ્વર માત્ર તાકી હતી, ફાયરિંગ થયું નહોતું. માર મારવા સાથે ધારીયાથી કરાયેલા આ હુમલામાં સિક્યુરિટી ગાર્ડ ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાક્રમ દરમિયાન પોલીસ હાજર હોવા છતાં સમયસર હસ્તક્ષેપ ન થતાં પરિસ્થિતિ બેકાબૂ બની હતી. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો વધુ ચર્ચામાં આવ્યો છે. ભોગ બનેલા સિક્યુરિટી ગાર્ડે પણ દાવો કર્યો છે કે કલ્પેશ ડાંગરે રિવોલ્વર કાઢી હતી, જોકે ફાયરિંગ કર્યું નહોતું. રિવોલ્વર અને ધારિયું કાઢવામાં આવ્યું હતું તેમ છતાં પોલીસ દ્વારા આર્મ એક્ટ હેઠળ પણ ગુનો નોંધવાની તસ્દી લેવામાં આવી નથી. ત્યારે પોલીસ દ્વારા હુમલાખોરોનો લૂલો બચાવ કરવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોય તેવું પણ જાણવા મળી રહ્યું છે.ભાજપના નેતા ભરત ડાંગરે જણાવ્યું હતું કે સિક્યુરિટી બબાલ થઈ હતી. જેમાં કલ્પેશભાઈ દ્વારા કોઈ ફાયરિંગ કરવામાં આવ્યું નથી. આ ઘટના બાબતે કોઈ ફરિયાદ પર નોંધાઈ નથી અને તેમના વચ્ચે સમાધાન પણ થઈ ગયું છે.



કલ્પેશ ડાંગર

### કલ્પેશ ડાંગરે સિલ્વર કલરની રિવોલ્વર કાઢી મારી સામે તાકી હતી

શાનુ રાજેન્દ્ર પિલ્લઈએ જણાવ્યું હતું કે જ્યારે કલ્પેશભાઈ આવ્યા ત્યારે અમે ગેટની બહાર ઉભા હતા. તે સમયે તેમણે કવર સાથે રિવોલ્વર કાઢી, બાદમાં કવરમાંથી બંદૂક બહાર કાઢીને મારી તરફ તાકી હતી. ફાયરિંગ કરવામાં આવ્યું નહોતું, પરંતુ રિવોલ્વર બતાવી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ દરમિયાન બે સિંધી વ્યક્તિઓ દોડી આવ્યા અને મારી પર હુમલો શરૂ કર્યો. એક વ્યક્તિ ધારિયું લઈને આવ્યો હતો. જ્યારે બીજો દંડો લઈને મને મારવા માટે આવ્યો હતો અને બંનેએ મળીને માર માર્યો હતો. ત્યારબાદ ભાજપના નેતા ભરત ડાંગરના ભાઈ કલ્પેશ ડાંગર રાજેશ ડાંગર બે સિંધી અને એક ભરવાડ હાજર હતા.



શાનુ રાજેન્દ્ર પિલ્લઈ

### કલ્પેશ ડાંગરે રિવોલ્વર તાકી નથી કે ફાયરિંગ પણ કર્યું નથી : પીઆઈ

કોઈ ફાયરિંગ થયું નથી. કલ્પેશ ડાંગર પાસે રિવોલ્વરનું લાયસન્સ છે અને તેણે કોઈને રિવોલ્વર બતાવી નથી. હાલ સુધી આ મામલે કોઈ સત્તાવાર ગુનો નોંધાયો નથી. અમે પહેલા ફાયરિંગની અફવા થઈ અને હવે બંદૂક તાકી હોવાની વાતો ચાલી રહી છે પરંતુ અમે ઘટના સ્થળ પર જઈને તપાસ કરી છે કોઈની સામે બંદૂક તાકી નથી કે ફાયરિંગ પણ કર્યું નથી. **- બી.એમ. પટેલ,** પીઆઇ કરજણ

### આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાઈ શકે છે

કાયદાના નિષ્ણાતોના મત મુજબ ભલે લાયસન્સ વાળી રિવોલ્વર વ્યક્તિ ધરાવતા હોય પરંતુ જો આ વ્યક્તિ દ્વારા રિવોલ્વર નો કોઈને ધાક ધમકી આપવા માટે ઉપયોગ કરવામાં આવે તો લાઇસન્સધારી વ્યક્તિ સામે ગુનો આર્મ્સ હેઠળ નોંધી શકાય છે.

---

### જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ધારાસભ્યો અને સાંસદોનો જમાવડો

# મધ્ય ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપ ઈલેક્શન મોડમાં : વડોદરામાં થયું મંથન

**આગામી** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે કાર્યકર્તાઓને અપાયું જીતનું ભાથું






(પ્રતિનિધિ) વડોદરા. તા.28

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં આજે મધ્ય ગુજરાત પ્રદેશ ભાજપની એક મહત્વપૂર્ણ સંગઠન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા સંગઠનને મજબૂત કરવાના ભાગરૂપે આ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક પ્રદેશ ભાજપના નેતા જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠક દરમિયાન સંગઠન મહામંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓ દ્વારા ઉપસ્થિત કાર્યકર્તાઓને આગામી રણનીતિ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મધ્ય ગુજરાતના ભાજપ સંગઠનના હોદ્દેદારો, વિવિધ વિસ્તારના ધારાસભ્યો, સાંસદો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર દાહોદના સાંસદ તેમજ પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય એવા જશવંતસિંહ ભાભોર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા યોજાયેલી આ બેઠકને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સંગઠનને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને આગામી ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવવા માટે કાર્યકર્તાઓને જોમ અને ઉત્સાહ સાથે કામ કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

---

### માંજલપુરમાં માનવતાને શરમાવે તેવી ઘટના

# 12 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ, 17 વર્ષીય આરોપીની અટકાયત

**અલનીલ** વીડિયો મિત્રને બતાવતા ખુલ્યો ભેદ, પરિવારની ફરિયાદ બાદ પોલીસ હરકતમાં

**સગીરાની** બહેનપણીના ભાઈએ જ આચર્યું કૃત્ય, વિસ્તારમાં રોષની લાગણી ફેલાઈ




(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના માંજલપુર વિસ્તારમાં ૧૨ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ગંભીર કૃત્ય કોઈ અજાણ્યા વ્યક્તિએ નહીં પરંતુ સગીરાની બહેનપણીના ૧૭ વર્ષીય ભાઈએ જ આચર્યું હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઈદ પૂર્વે સગીરા પોતાની બહેનપણીના ઘરે ગઈ હતી. તે દરમિયાન આરોપીએ સગીરા સાથે અશ્લીલ કૃત્ય આચરી તેનો વીડિયો મોબાઈલમાં બનાવી લીધો હતો. કેટલાક દિવસો બાદ આરોપીએ આ વીડિયો પોતાના મિત્રને બતાવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. વિડિયોમાં દેખાતી બાળકી પોતાના મિત્રની બહેન હોવાનું જાણ થતા મિત્રે તરત જ ભોગ બનનારના ભાઈને માહિતી આપી હતી. ત્યારબાદ સગીરાના ભાઈએ બહેન પાસેથી હકીકત જાણી માંજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા જ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને આરોપીની અટકાયત કરી છે. ઘટના સામે આવતા વિસ્તારમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી અને મોટી સંખ્યામાં લોકો પોલીસ મથકે ઉમટ્યા હતા. હાલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સગીરાને ન્યાય મળે તે દિશામાં તપાસ આગળ ધપાવી રહી છે.

---

# માંજલપુરમાં આગામી 30 અને 31 માર્ચે પાણી પુરવઠો ખોરવાશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.28

શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા માંજલપુરના રહીશો માટે મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ સૂચના જાહેર કરવામાં આવી છે. માંજલપુર પાણીની ટાંકી ખાતે મેઈન ફીડર લાઈન પર ટેકનિકલ સુધારા અને ફ્લોમીટર બેસાડવાની કામગીરીને પગલે આગામી સોમવાર અને મંગળવારે પાણી વિતરણમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. પાણી પુરવઠા શાખા દ્વારા માંજલપુર ટાંકી પર આવતી 600 મી.મી. વ્યાસની મુખ્ય ફીડર લાઈન પર અત્યાધુનિક ફ્લોમીટર બેસાડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ ટેકનિકલ અપગ્રેડેશનને કારણે પાણીના જથ્થાનું ચોક્કસ માપન થઈ શકશે, જે ભવિષ્યમાં વિસ્તારના લોકોને સમાન અને પૂરતા દબાણથી પાણી પૂરું પાડવામાં મદદરૂપ થશે.

1) તા. 30-03-2026ને સોમવારના રોજ સાંજનું વિતરણ સંપૂર્ણ બંધ રહેશે. સોમવારે સવારના ઝોનનું પાણી વિતરણ રાબેતા મુજબ પૂર્ણ કર્યા બાદ તરત જ કામગીરી શરૂ કરવામાં આવશે. જેના કારણે, સાંજે 05:30 થી 06:30 વાગ્યા સુધીના ઝોનમાં પાણી વિતરણ બંધ રહેશે. સાંજે 07:00 થી 08:00 વાગ્યા સુધીના ઝોનમાં પણ પાણી વિતરણ બંધ રહેશે.

2) તા. 31-03-2026 મંગળવારના રોજ મોડું અને ઓછું દબાણ રહેશે. લાઈન પર ફ્લોમીટર બેસાડવાની કામગીરી પૂર્ણ થયા બાદ લાઈન ચાર્જ કરવામાં સમય લાગતો હોવાથી મંગળવારે સવારના ઝોનનું પાણી વિલંબથી આવશે. પાણીનું દબાણ સામાન્ય કરતાં હળવું રહેવાની શક્યતા છે. જેથી પાણીનો અગાઉથી સંગ્રહ કરી લેવો હિતાવહ છે. તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે માંજલપુર વિસ્તારના રહીશોએ સોમવારે સવારે આવતા પાણીનો સંગ્રહ કરી લેવો જેથી સાંજે અને મંગળવારે સવારે સર્જાનારી અછત સામે મુશ્કેલી ન પડે. કામગીરી પૂર્ણ થતા જ તંત્ર દ્વારા પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવાના પ્રયાસો કરવામાં આવશે.

# ન્યુ વીઆઈપી રોડ પર વીજ કરંટ લાગતા 25 વર્ષીય યુવતીનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં કુલરનો વીજ કરંટ લાગતા ૨૫ વર્ષીય યુવતીનું મોત નીપજતાં વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઉનાળાની શરૂઆત સાથે કુલર અને ફેન જેવા વીજ ઉપકરણોના વધતા ઉપયોગ વચ્ચે આ ઘટના લોકો માટે ચેતવણીરૂપ બની છે.

ન્યૂ વીઆઈપી રોડ પર આવેલી કૃષ્ણાનગર સોસાયટીમાં રહેતી આર. મુથુલક્ષ્મી વિચાન્દ્રાણ પોતાના રૂમમાં હાજર હતી ત્યારે ચાલુ કુલરમાંથી અચાનક જોરદાર કરંટ લાગ્યો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનોએ તરત જ યુવતીને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ કર્યા બાદ યુવતીને મૃત જાહેર કરી હતી. અચાનક બનેલી આ દુર્ઘટનાથી પરિવારજનોમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં બાપોદ પોલીસે સ્થળ પર પહોંચી અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

### ગોરવાના સ્વામી વિવેકાનંદ હાઇટ્સમાં દુઃખદ ઘટના

# 11મા માળેથી કૂદીને પરિણીતાનો આપઘાત લાંબી બીમારીથી કંટાળી પગલું ભર્યાની ચર્ચા

**ઘટનાસ્થળે** જ મોત સાત મહિનાથી ગંભીર બીમારીથી પીડાતી હોવાની પ્રાથમિક માહિતી, પોલીસે તપાસ શરૂ કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી સ્વામી વિવેકાનંદ હાઈટ્સ-૧માં ૩૪ વર્ષીય પરિણીતાએ ૧૧મા માળેથી કૂદીને આપઘાત કરતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. છેલ્લા સાત મહિનાથી ગંભીર બીમારીથી પીડાતી હોવાથી કંટાળીને આ પગલું ભર્યું હોવાની ચર્ચા સામે આવી રહી છે.

મૃતક સંગીતા થાપા પોતાના પતિ અને સાસુ સાથે રહેતા હતા અને લાંબા સમયથી ગંભીર બીમારીને કારણે પથારીવશ હતા. તાજેતરમાં જ તેમને સારવાર બાદ હોસ્પિટલમાંથી ઘરે લાવવામાં આવ્યા હતા. ઘટના સમયે પતિએ તેમને થોડો સમય તાપમાં બેસવા જણાવ્યું હતું અને પોતે ઘરમાં ગયા હતા. આ દરમિયાન થોડા જ સમયમાં પરિણીતાએ અચાનક અગિયારમા માળેથી નીચે કૂદી આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા પતિ, સાસુ તથા આસપાસના પાડોશીઓ તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે પરિણીતાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ગોરવા પોલીસ સ્થળ પર પહોંચી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

# બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા ફરી માવઠાનું સંકટ

**શહેરમાં** મહત્તમ 37.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન વધીને 26 ડીગ્રી નોંધાયું



(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ભર ઉનાળે માવઠાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તા. 29 અને 23 માર્ચ આ બે દિવસ યલો એલર્ટ સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. જેની સાથે વેસ્ટન ડીસ્ટર્બન્સ પણ રાજ્યના વાતાવરણ પર અસર કરશે. આ સિસ્ટમને પગલે માર્ચના અંતમાં કમોસમી વરસાદી માહોલ સર્જાશે. પવનની દિશા ઉત્તર પશ્ચિમથી ઉત્તર તરફથી રહેશે. જેના કારણે કાંઠા વિસ્તારમાં હલચલ જોવા મળશે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં પણ માવઠાની શક્યા છે.

નવસારી, ડાંગ, ભરૂચ, છોટાઉદેપુર, વડોદરા, પંચમહાલ, દાહોદ,આ તમામ વિસ્તારમાં છૂટછવાયો ગાજવીજ સાથે વરસા વરસશે, આ કમોસમી વરસાદના કારણે શિયાળાના તૈયાર થયેલા પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં ગરમીનો પારો 40 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જો કે છેલ્લા એક સપ્તાહથી 40 ડિગ્રીથી નીચે પારો નોંધાયો છે.

શુક્રવારે શહેરમાં મહત્તમ તાપમાનનો પારો 38 ડિગ્રી અને લઘુત્તમ તાપમાનનો પારો 22.2 ડિગ્રી નોંધાયો હતો. જે બીજા દિવસે ઘટીને શનિવારે મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન વધીને 26 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 56 ટકા અને સાંજે 36% નોંધાયું હતું.

---

### ફાયર-પોલીસે સમયસર રેસ્ક્યુ કરી મોટી દુર્ઘટના ટાળી

# લીવ ઈનમાં રહેતા યુવકનો સાતમા માળેથી આપઘાતનો પ્રયાસ




**યુવકનું** એકજ રટણ, એણે મને બરબાદ કરી નાખ્યો, મને બોવ હેરાન કરે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં માંજલપુર વિસ્તારમાં દરબાર ચોકડી નજીક આવેલા બહુમાળી ઈમારત માતૃકા રેસિડેન્સીના સાતમા માળેથી લીવ ઈનમાં રહેતા એક મહિલા મિત્ર સાથે ચાલી રહેલા કંકાસથી કંટાળી યુવકે મોતની છલાંગ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ફાયર ,પોલીસ અને 108ની ટીમ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

વડોદરા શહેરમાં વધુ એક આપઘાતના પ્રયાસની ઘટના બની હતી. સાત માળની બિલ્ડિંગની ટેરેસ ઉપરથી એક યુવકે આપઘાતનો પ્રયાસ કરતા ફાયર વિભાગ અને પોલીસે સમયસર તેનું રેસ્ક્યુ કરી મોટી દુર્ઘટના ટાળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર માંજલપુર વિસ્તારમાં આવેલી માતૃકા રેસીડેન્સીમાં એક યુવકે સાતમાં માળેથી પડતું મૂકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, દુર્ઘટના ઘટે તે પૂર્વે જ પોલીસ ફાયર વિભાગ અને 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં કલાકોની સમજાવટ બાદ યુવકને આ પગલું ભરતા બચાવી લેવામાં આવ્યો હતો. લિવ ઈનમાં રહેતા યુવકે મહિલા મિત્ર સાથે અણબનાવ બનતા આપઘાત કરવાનું તરકટ રચ્યું હોય તેમ આ યુવકે ટેરેસ પર ચડી નીચે કૂદવાનો પ્રયાસ કર્યો હતો. બે કલાકની ભારે જહેમતે રેસ્ક્યુ કર્યા બાદ આ યુવકને વધુ પૂછપરછ માટે પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન સ્થાનિક લોકોમાં પણ ભારે ચિંતા અને ઉત્સુકતા જોવા મળી હતી. પોલીસે આ વ્યક્તિને કાઉન્સેલિંગ માટે લઈ જઈ તેની માનસિક સ્થિતિ અંગે માહિતી મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ પ્રાથમિક તપાસ મુજબ આવું પગલું શા માટે ભર્યું તે જાણવા માટે પણ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ યુવકને બચાવ્યા બાદ પોલીસ જ્યારે તેના કાઉન્સિલિંગ માટે લઈ જઈ રહી હતી ત્યારે આ યુવક મને બરબાદ કરી નાખ્યો છે, મને હેરાન કરી નાખ્યો છે, મેં એની સાથે લગ્ન કરેલું છે. આજે એ મને છોડીને અહીંયાથી ભાગી ગઈ મને મરી જવા દો નું રટણ કરતો રહ્યો હતો. સમગ્ર મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

### રેસ્ક્યુ નેટ અને 45 મીટરની બોન્ટો સ્કાય લિફ્ટ સાથે પૂર્વ તૈયારી રાખી હતી

માતૃકા રેસીડેન્સીના સાતમા માળે એક યુવક ટેરેસની પેરાફીટ પર બેસીને કૂદવા માટેનો પ્રયાસ કરી રહ્યો હોવાનો કોલ ફાયર એન્ડ ઇમર્જન્સી વિભાગના કંટ્રોલરૂમમાંથી મળ્યો જેથી ત્વરિત જીઆઈડીસી, ગાજરાવાડી અને પાણીગેટ ફાયર સ્ટેશનના કર્મચારીઓ, અધિકારીઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. રેસ્ક્યુ નેટ સાથે લઈને આવ્યા હતા. જેથી કદાચ જો યુવક પડી જાય તો તેને પકડી શકાય. આ ઉપરાંત હાયરાઇઝ બિલ્ડિંગમાં બચાવ કામગીરી કરી શકે તેવી 45 મીટરની આધુનિક બોન્ટો સ્કાય લિફ્ટ પણ લાવવામાં આવી હતી અંતે આ યુવકને સમજાવીને બચાવી લેવાયો હતો. - **અમિત ચૌધરી,** ફાયર ઓફિસર

---

### પાણી ભરાવાની સમસ્યા ભૂતકાળ બનશે

# અલકાપુરી ગરનાળામાં હવે ચોમાસે પણ ટ્રાફિક નહીં થંભે: રેલવે અને VMCનું પ્લાનિંગ

**ડ્રેનેજ** સિસ્ટમ અને પમ્પિંગ સ્ટેશન પર તંત્રની બાજ નજર, કાયમી નિકાલ માટે નવા ઓવરબ્રિજની ડિઝાઇન પણ તૈયાર



(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતા અત્યંત મહત્વના એવા અલકાપુરી ગરનાળામાં ચોમાસા દરમિયાન વાહનચાલકોને પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે રેલવે તંત્ર અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કમર કસવામાં આવી છે. રેલવે DRM દ્વારા આ અંગે મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે કે, આ વર્ષે ગરનાળામાં પાણી ન ભરાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવશે.

રેલવે DRM એ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન ગરનાળામાં પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટે VMC સાથે સતત સંકલન સાધવામાં આવી રહ્યું છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગરનાળાની ડ્રેનેજ સિસ્ટમ વ્યવસ્થિત રીતે કાર્યરત રહે અને પમ્પિંગ સ્ટેશનો સતત ચાલુ રહે તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા એવી ખાતરી આપવામાં આવી છે કે ચોમાસામાં પણ આ માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો રહે તેવા પ્રયાસો કરવામાં આવશે. માત્ર કામચલાઉ ઉકેલ જ નહીં, પરંતુ આ સમસ્યાના કાયમી નિકાલ માટે અલકાપુરી ગરનાળાની જગ્યાએ નવો 'રોડ ઓવર બ્રિજ' બનાવવાની યોજના પણ વિચારાધીન છે. DRM ના જણાવ્યા અનુસાર, આ બ્રિજની ડિઝાઈન અને ડ્રોઈંગ હાલ ફાઈનલાઈઝેશનના તબક્કે છે. આ પ્રોજેક્ટ માટે રેલવે અને VMC વચ્ચે સતત બેઠકો યોજાઈ રહી છે. આ પ્રોજેક્ટને વહેલી તકે મંજૂરી મળે તે માટે રાજ્ય સરકાર અને સ્થાનિક સાંસદ દ્વારા પણ સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રેલવે અને કોર્પોરેશન સંયુક્ત રીતે આ દરખાસ્ત પર આગળ વધી રહ્યા છે જેથી ભવિષ્યમાં વડોદરાવાસીઓને ગરનાળાના નીચાણવાળા ભાગમાં ભરાતા પાણીથી કાયમી છુટકારો મળી શકે.